[ 1 ] Seat No: ___________ No. of printed pages: 3

(ગુજ)

# SARDAR PATEL UNIVERSITY

**B.Ed. Semester-I Examination**

**October-2023**

**Code No. UE01CBED51: Reading and Reflecting on Texts**

**Date : 25-10-2023, Wednesday, Time : 10.00 AM to 11:30 AM**

**Total Marks:35**

સૂચના : બધા પ્રશ્નો ફરજિયાત છે.પ્રશ્નપત્રની જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

પ્રશ્ન :1 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તરો આપો. (08)

1 "વાંચન એ સંકુલ પ્રક્રિયા છે." વિધાનના આધારે વાંચનનો અર્થ સ્પષ્ટ કરો.

2 'વાંચનની સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં શબ્દપ્રત્યભિજ્ઞાન છે.'પ્રસ્તુત વિધાન વિલિયમ ગ્રેની પ્રતિકૃતિના આધારે સમજાવો

3 વિવેચનાત્મક વાંચન એટલે શું ?

4 ચિંતનની કોઈ એક વ્યાખ્યા આપી તેના ચાવીરૂપ શબ્દો (Key Words) સમજાવો.

5 ચિંતનના વિકાસ માટે ભાષાની ભૂમિકા સ્પષ્ટ કરો.

પ્રશ્ન :2 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તરો આપો. (10)

1. "તોત્તોચાન" લઘુનવલમાંથી લેવાયેલ નીચેનો અંશ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.

*આ સ્કૂલની સૌથી વધારે અચરજવાળી બાબત તો એની ભણાવવાની રીત હતી. બીજી સ્કૂલોમાં દરેક વિષયનું સમયપત્રક નક્કી હોય છે. દાખલા તરીકે, પહેલો પિરિયડ જાપનીનો હોય તો એમાં જાપાની ભાષા જ ભણવાની હોય,પછી બીજો પિરિયડ જો અંક ગણિતનો હોય હોય તો બધાંએ અંકગણિત જ ભણવાનું. પણ અહીં તો બધું જુદી જ ભાતનું હતું,પહેલો પિરિયડ શરૂ થાય એટલે શિક્ષિકા વર્ગમાં આવીને પહેલાં તો આખા દિવસના વિષયોની ને એના મુદ્દાની ને પ્રશ્નોની યાદી આપી દે,ને પછી બાળકોને કહે- 'હવે તમારે આમાંથી જે શરૂ કરવું હોય તે કરો.' કોઈને નિબંધ લખવાની ઈચ્છા હોય તો એ નિબંધ લખે; તો વળી એની પાછળ જ બેઠેલાને જો ભૌતિકશાસ્ત્રમાં રસ પડે તો એ ફ્લાસ્કમાં કૈંક રેડીને લેમ્પ પર ઉકાળવા મૂકે...આ કારણે કલાસરૂમમાં ગમે ત્યારે નાનો મોટો ધડાકો પણ થઈ જઈ શકતો.!*

*ભણાવવાની આવી પદ્ધતિ હોવાથી શિક્ષકો દરેકેદરેક બાળક પર ધ્યાન આપી શકતાં અને એમનાં રસ-રુચિ કેવાં છે, એ કેવી રીતે વિચારે છે ને એમનાં સ્વભાવની ખાસિયતો શી છે એ જાણી શકતાં. વિદ્યાર્થીઓનું સાચું માપ કાઢવાની ને ઓળખવાની આ એક આદર્શ પદ્ધતિ હતી.*

પ્રશ્ન: બાળકોને શીખવાની સ્વતંત્રતા આપવામાં આવે તો તમારી દૃષ્ટિએ તેમનો સંભવિત વિકાસ કેવો હોય?

2. " સાગરપંખી" પુસ્તકના નીચેના પરિચ્છેદના વાંચનને આધારે પ્રશ્નનો ઉત્તર આપો.

*જમાતની પંચાયતમાં કોઈ સાગરપંખી સામો જવાબ આપે નહિ.પણ આજે જોનાથનનો ઉત્તેજિત અવાજ ગાજી ઉઠ્યો: " બેજવાદારી? મારા ભાઈઓ, જીવનમાં એક અર્થ,ઉચ્ચ પ્રયોજન શોધી કાઢનાર અને એને માટે પ્રયત્ન કરનાર સાગરપંખી કરતાં વધારે જવાબદાર*

*કોણ હોઈ શકે? હજારો વર્ષો આપણે માછલીના ટુકડા માટે ઝૂંટાઝૂંટી કરી છે.પરંતુ હવે જિંદગીનું કાંઇ પ્રયોજન આપણને પ્રાપ્ત થયું છે-શીખવું,શોધ કરવી,સ્વતંત્ર થવું. મને તક આપો,મેં જે શોધી કાઢ્યું છે,તે તમારી સામે બતાવવા તો દો....'*

પ્રશ્ન :સાગરપંખીની જેમ તમારા જીવનનું ઉચ્ચ પ્રયોજન શું છે? આ પ્રયોજન સિદ્ધ કરવા તમે કયા પ્રયત્ન હાથ ધરી રહ્યા છો?

3. "*બાળકો નિષ્ફળ શાથી નીવડે છે?*" પુસ્તકમાંથી લીધેલ નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નની ચર્ચા કરો.

*બાળકની સામેની વાસ્તવિકતા જ ઊંચી માત્રામાં રુચિ,એકાગ્રતા, અને કાર્યશીલતા જાગ્રત કરી શકે છે. આ માટે તે જે કંઈ કરતું હોય તેમાં એને રુચિ પેદા થવી જરૂરી છે.આ કારણથી જ આપણે આપણા વર્ગ શિક્ષણ અને શાળાકાર્યને બને તેટલાં રુચિકર,રોમાંચક અને જીવંત બનાવવાની આવશ્યકતા છે. આમ કરવાથી શાળા બાળક માટે આનંદપ્રદ બનશે,એટલું જ નહિ, તેમની બુદ્ધિ ખીલી ઊઠશે અને બુદ્ધિશાળીની માફક વર્તવાની તેમને આદત પડશે.*

પ્રશ્ન: તમારા વર્ગશિક્ષણ અને શાળાકાર્યને રુચિકર, રોમાંચક અને જીવંત બનાવવા તમે કયા પ્રયત્નો કરશો?

પ્રશ્ન :3 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર આપો. (07)

1 ચિંતન વિકસાવવા માટેની અસરકારક વ્યૂહરચનાઓનો ઉપયોગ વર્ગખંડમાં કેવી રીતે કરશો?

2 રોબિન્સનના વાંચન પ્રતિમાનનાં સોપાનો આકૃતિની મદદથી સમજાવો.

પ્રશ્ન :4 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તરો આપો. (10)

1. " મન સાથે મૈત્રી " પુસ્તકના નિમ્નલિખિત અંશના આધારે આપેલ પ્રશ્નનો ઉત્તર આપો.

*જાણ્યે અજાણ્યે મનુષ્ય શોધતો તો હોય છે આનંદને,પણ આનંદની શોધમાં રસ્તામાં સુખ મળ્યું એમાં ફસાઈ ગયા અને દુઃખ જોયું તો એનાથી ભાગી ગયા એટલે આનંદ સુધી પહોંચી નથી શકતા. આનંદની આ જે અવસ્થા છે તે આત્માની સહજાવસ્થા છે,એ જ જીવન છે. આનંદનો અભાવ એ મૃત્યુ છે,અને આનંદની ઉપલબ્ધિ એ જીવન ।*

*આ જે ઊર્જાનું સહજ હલન છે એ જ આનંદ છે તો સંસારમાં રહીને,ઘર ગૃહસ્થીનું આપણું જે દાયિત્વ છે એને નિભાવીને,અનંત પ્રકારની,અનંત સ્વભાવની વ્યક્તિઓ સાથે સંબંધમાં આવવા છતાં, માનવનું અધિષ્ઠાન આનંદમાં હોય, એમાં જ જીવનની સાર્થકતા છે, ધન્યતા છે.*

પ્રશ્ન: તમને જેમાં ખૂબ જ મજા આવી હોય એવી તમારા જીવનની કોઈ બે ઘટનાઓ નોંધો. તથા આનંદ અને સુખનો તફાવત દર્શાવતા ત્રણ ત્રણ મુદ્દાઓ લખો.

2. "ચારિત્ર્ય નિર્માણ માટેનું શિક્ષણ" પુસ્તકમાંથી લેવાયેલ નીચેનો અંશ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.

*સાંપ્રત પરીક્ષા પદ્ધતિમાં પણ ક્રાંતિકારી પરિવર્તન લાવવું જરૂરી છે.આપણી પરીક્ષા પદ્ધતિમાં ઘણાં બધાં અનિચ્છનીય પાસાં તો છે જ. ઉપરાંત આજે શિક્ષણનો હેતુ ફક્ત પરીક્ષા પાસ કરવી અને ડીગ્રી મેળવવાનો જ બની ગયો છે.આ અભિગમ મૂલ્ય વિરોધી વલણો ઊભા કરે છે.જેને દૂર કરવાની જરૂર છે.આ માટે ક્રાંતિકારી પગલાંઓ ભરવાની જરૂર છે. પરીક્ષા પદ્ધતિમાં એવા સુધારાઓ લાવવા જોઈએ જેથી ચારિત્ર્ય નિર્માણને કેન્દ્રમાં રાખતી સ્થિર શૈક્ષણિક પદ્ધતિ*

બને.

પ્રશ્ન:તમારી દ્રષ્ટિએ મૂલ્ય વિરોધી વલણો કયા છે? ' આ વલણો દૂર કરવા એ ક્રાંતિકારી પગલું છે.' આ વિચાર સાથે તમારી સંમતિ કે અસંમતિ કારણ સાથે દર્શાવો.

3. "શીખવાની કલા" પુસ્તકમાંથી લીધેલ નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નનો ઉત્તર લખો.

*કોઈ પણ પ્રકારની તુલનાનો ભાવ વ્યક્તિના પૂર્ણ વિકાસમાં અવરોધ કરે છે. પછી ભલે ને એ વૈજ્ઞાનિક હોય કે માળી હોય.જ્યાં તુલનાનો ભાવ ન હોય ત્યાં, એક વૈજ્ઞાનિકની સંપૂર્ણ ક્ષમતા કે એક સુંદર બગીચાના માળીના વિકાસની દૃષ્ટિએ બંને એક જ છે.પરંતુ જ્યાં તુલા થવી શરૂ થાય છે ત્યાં તિરસ્કાર તથા ઈર્ષ્યામય પ્રતિક્રિયાનો પ્રારંભ થાય છે જે માનવી-માનવી વચ્ચે સંઘર્ષ ઊભા કરે છે.*

પ્રશ્ન : શાળામાં બાળકો વચ્ચે તુલનાના ભાવથી તેમના વિકાસમાં કયા કયા અવરોધો ઊભા થઈ શકે? તમારું ચિંતન રજૂ કરો.

**********

Seat No: [ ] No. of printed pages: 2

[46]
ગુજ.

# SARDAR PATEL UNIVERSITY

## B Ed (Semester 1) Examination Oct - Nov,2023

## UE01CBED52-Psychology of Childhood and Growing Up

Date: 26/10/2023 Time: 10.00 to 1.00 P.M.

Thursday Total Marks: 70

સૂચના : (1) બધા જ સામાન્ય પ્રશ્નો ફરજિયાત છે.
(2) સામાન્ય પ્રશ્નોમાં પેટા પ્રશ્નો આંતરિક વિકલ્પમાં છે.
(3) દરેક સામાન્ય પ્રશ્નોના અપેક્ષિત પ્રશ્નોના ઉત્તરો સાથે – સાથે જ લખો.
(4) જમણી બાજુ કૌંસમાં દર્શાવેલ અંક એ પ્રશ્નનોગુણભાર દર્શાવે છે.

**પ્રશ્ન : 1 નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો (08)**

1. બાળ મનોવિજ્ઞાનની સંકલ્પના સ્પષ્ટકરો.
2. મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર જણાવો.
3. બાળકના ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો લખો.
4. પ્રેરણાના પ્રકારો જણાવો.
5. સામાજિક વિકાસની સંકલ્પના સમજાવો.

**પ્રશ્ન : 2 નીચેના પૈકી કોઈ પણ એકનો સવિસ્તાર ઉત્તર આપો (10)**

1. "અનુકૂલન માણસને માનવ બનાવે છે."– આ વિધાનના અનુસંધાનમાં નીચેના મુદ્દાઓ સ્પષ્ટ કરો.
   A. અનુકૂલનની સંકલ્પના
   B. અનુકૂલનને અસર કરતાં પરિબળો
2. "તારુણ્ય એ જ માનવજીવનનો સંક્રાંતિકાળ છે." આ વિધાનના સમર્થનમાં નીચેના મુદ્દા સ્પષ્ટ કરો.
   A. તરુણાવસ્થાના લક્ષણો
   B. તરુણાવસ્થાનો શૈક્ષણિક ફલિતાર્થ

**પ્રશ્ન : 3 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો (09)**

1. વ્યક્તિત્વ વિકાસને અસર કરતાં પરિબળો સમજાવો.
2 જાતિય શિક્ષણના હેતુઓ લખો.
3 બાળકના સાંવેગિક વિકાસને અસર કરતાં પરિબળો જણાવો.
4. અંતર્મુખી વ્યક્તિત્વના લક્ષણો જણાવો.



(P.T.O.)

## પ્રશ્ન : 4 નીચે પૈકી કોઈ પણ બે ટૂંક નોંધ લખો (08)

1. બાલ્યાવસ્થાના લક્ષણો.
2 બાળકના ભાષા વિકાસમાં શાળાની ભૂમિકા.
3 સાંવેગીક વિકાસનો શૈક્ષણિક ફલિતાર્થ.

## પ્રશ્ન : 5 નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો (08)

1. જિન પિયાજેના મતે પ્રતિક્ષિપ્ત ક્રિયા એટલે શું ?
2 નૈતિક વિકાસ એટલે શું ?
3 મંદ અધ્યેતા કોને કહેવાય ?
4 ધ્યાન ન્યૂનતા રોગ અંગેના કોઈપણ ચાર કારણો જણાવો.
5 ડિસ્લેક્સિયાના લક્ષણો જણાવો.

## પ્રશ્ન : 6 નીચેના પૈકી કોઈપણ એકનો સવિસ્તાર ઉત્તર આપો (10)

1 "અપવાદરૂપ બાળકોને વિશેષ શિક્ષણની જરૂરિયાત છે." – આ વિધાનના સમર્થનમાં નીચેના મુદ્દાને સમજાવો.

A. અપવાદરૂપ બાળકોનો અર્થ

B. અપવાદરૂપ બાળકોના લક્ષણો

2 શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે 'નૈતિક વિકાસ' વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું હોઈ, નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી વ્યાખ્યાન નોંધ તૈયાર કરો.

A. કોહલબર્ગ અનુસાર નૈતિક વિકાસના સોપાનો.

B. કોહલબર્ગના નૈતિક વિકાસના સિદ્ધાંતના શૈક્ષણિક ફલિતાર્થો.

## પ્રશ્ન : 7 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો. (09)

1. ડિસ્લેક્સીક બાળક સામાન્ય બાળકથી કેવીરીતે જુદો પડેછે ઉદાહરણ આપી સમજાવો.
2 ધ્યાનમંદતા (ADD) હોવાના લક્ષણો સ્પષ્ટ કરો.
3 માનસિક વિકલાંગ બાળકોના લક્ષણો આપો.
4 ડિસગ્રાફીયા લેખનની અક્ષમતાના લક્ષણો જણાવો.

## પ્રશ્ન : 8 નીચે પૈકી કોઈ પણ બે ટૂંક નોંધ લખો. (08)

1. જિન પિયાજે આપેલા જ્ઞાનાત્મક વિકાસના સિધ્ધાંતના તબ્બકાઓ .
2 શારીરિક રીતે અક્ષમ બાળકો: અર્થ અને લાક્ષણિકતાઓ.
3 અધ્યયન વિકલાંગતા ની સંકલ્પના અને પ્રકાર .

—x—

SEAT No.________ No. of Printed Pages: 02

[43-a]

# SARDAR PATEL UNIVERSITY
## B.Ed.(SEMESTAR) EXAMINATION OCT – 2023
## SEM-1
## SUBJECT CODE: UE01CBED53
## Subject: CONTEMPORARY INDIA AND EDUCATION

**DATE: 27/10/2023,** Friday
**TIME: 10.00 AM to 1.00 PM** **Total Marks: 70**

સૂચના:1 તમામ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.

2. જમણી બાજુના અંક પ્રશ્નોના ગુણ દર્શાવે છે.

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(08)**

1. ભારતીય શિક્ષણ ચિંતકો પૈકી કોઈ પણ બે ચિંતકોએ આપેલી કેળવણી ની વ્યાખ્યા લખો.
2. ઔપચારિક કેળવણી કોને કહેવાય?
3. કોઠારી પંચની કોઈપણ બે ભલામણો જણાવો.
4. સર્વ શિક્ષા અભિયાન એટલે શું?
5. મધ્યાહ્ન ભોજનના કોઈપણ બે હેતુઓ દર્શાવો.

**પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આપો.** **(10)**

1. માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિકમાં તમારે 'કેળવણીના વ્યક્તિગત ધ્યેયો અને કેળવણીના સામાજિક ધ્યેયો 'વિષય પર લેખ પ્રકાશિત કરવા માટેની લેખ નોંધ તૈયાર કરો.
2. 'ભારત દેશને વિશ્વમાં લોકશાહીની જનની કહે છે' - વિધાન નીચે આપેલા મુદ્દા ના સંદર્ભમાં ચર્ચો.

-ભારતીય બંધારણના મૂળભૂત હક્કો

-ભારતીય બંધારણની મૂળભૂત ફરજો

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો.** **(09)**

1. અવૈધિક કેળવણીની લાક્ષણિકતાઓ જણાવો.
2. પાશ્ચાત્ય તત્વચિંતકોની દ્રષ્ટિએ કેળવણીની પરિભાષા સ્પષ્ટ કરો.
3. RTE અંતર્ગત શિક્ષકો માટેની જોગવાઈઓ કઈ કઈ છે?
4. મધ્યાહ્ન ભોજનની જરૂરિયાત જણાવો.



(P.T.O.)

પ્રશ્ન-4 નીચેનામાંથી કોઈપણ બે ટૂંક નોંધ લખો. (08)

1. સર્વશિક્ષાઅભિયાનની ઉપયોગિતા

2. સ્થગિતતાના કારણો

3. શિક્ષણ વિધેયક

પ્રશ્ન-5 નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (08)

(૧) મહાત્મા ગાંધીની શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરો.

(૨) સમાન શૈક્ષણિક તકનો અર્થ જણાવો.

(૩) સમાજની સંકલ્પના સ્પષ્ટ કરો.

(૪) અનુસૂચિત જાતિ કોને કહેવાય?

(૫) શારીરિક અશક્ત બાળકો અંગેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

પ્રશ્ન-6 નીચેના પૈકી કોઈપણ એકનો સવિસ્તાર ઉત્તર લખો. (10)

(૧) પ્રગતિશીલ શિક્ષણ સામાયિક માં 'શ્રી અરવિંદના શિક્ષણ અંગેના સિદ્ધાંતો' વિષય પર લેખ નોંધ તૈયાર કરો.

(૨)'વિવિધતામાં એકતા એ ભારતની ઓળખ છે'-પ્રસ્તુત વિધાનને નીચેના મુદ્દાઓને આધારે સમજાવો.

-સામાજિક વિવિધતાના કારણો

-ધર્મ આધારિત વિવિધતા

પ્રશ્ન-7 નીચેના પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો. (09)

(૧) જે કૃષ્ણમૂર્તિના સામાજિક રૂપાંતરણ અંગેના વિચારો રજૂ કરો.

(૨) સમાન શૈક્ષણિક તકની જરૂરિયાતો વિશે માહિતી આપો.

(૩) સમાનતાના સંદર્ભે શહેરી શાળાની સમસ્યાઓ જણાવો.

(૪) સામાજિક પરિવર્તનમાં શાળાની ભૂમિકા સ્પષ્ટ કરો.

પ્રશ્ન-8 નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો. (08)

(૧) સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગની સમસ્યાઓ

(૨) કન્યાઓના શિક્ષણ માટેના ઉકેલો

(૩) શાંતિપૂર્ણ જીવન માટે શિક્ષણની ભૂમિકા

Seat No: ________ No. of printed pages : 1

[1]
(ગુજ.)

**SARDAR PATEL UNIVERSITY**
**B.ED. ( First - Semester) Examination**
**Code No. UE01CBED54 : Language Across the Curriculum**
**Date: 28-10- 2023, Time : 10:00A.M to 11:30 A.M.**

સૂચના : બધા પ્રશ્નો ફરજિયાત છે.
પ્રશ્નપત્રની જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે. કુલ ગુણ:૩૫

પ્રશ્ન.૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.( કોઈ પણ ચાર) [૦૮]
(૧) વિચારણાના સાધન તરીકે ભાષાની ભૂમિકા સમજાવો.
(૨) પ્રત્યાયનના વિકાસ માટેની પ્રયુક્તિઓ જણાવો.
(૩) વ્યવહારલક્ષી પાઠના લક્ષણો જણાવો.
(૪) જૂથચર્ચા પ્રયુક્તિનો અર્થ સમજાવો.
(૫) વર્ણનાત્મક પાઠનો અર્થ અને ઉદાહરણો લખો.

પ્રશ્ન.૨. નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો. (કોઈ પણ એક) [૧૦]
(૧) 'બહુભાષિતાની સંકલ્પના અને તેની સાંસ્કૃતિક પશ્વાદભૂ પર અસરો' અંગે શિક્ષણના સામયિક માટે લેખનોંધ તૈયાર કરો.
(૨) માધ્યમિક શાળાના શિક્ષકોની સમક્ષ 'લેખન કૌશલની સંકલ્પના અને અસરકારક લેખનના લક્ષણો' વિષય પર આપવા માટેના વક્તવ્યની નોંધ લખો.

પ્રશ્ન.૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈ પણ ત્રણ) [૦૯]
(૧) પ્રમાણભૂત ભાષા અને ગૃહભાષાનો તફાવત સ્પષ્ટ કરો.
(૨) શ્રવણ અર્થગ્રહણ વિકાસ માટેની કોઈ પણ છ પ્રવૃત્તિઓની ચર્ચા કરો.
(૩) અસરકારક પ્રત્યાયનની લાક્ષણિકતાઓ જણાવો.
(૪) નિરૂપણાત્મક લખાણના લક્ષણો જણાવો.

પ્રશ્ન.૪. નીચેની ટૂંકનોધ લખો. (કોઈ પણ બે) [૦૮]
(૧) પ્રત્યાયનના સાધન તરીકે ભાષાની ભૂમિકા
(૨) વર્ગખંડમાં પ્રમાણભૂત ભાષાનો ઉપયોગ
(૩) પ્રશ્નોત્તરી પ્રયુક્તિનું વર્ગખંડમાં અમલીકરણ

— x —

Seat No : ________ No. of printed pages : 01

**SARDAR PATEL UNIVERSITY**

**B.Ed. Examination - semester - 1**

[1]

**Code No : UE01GBED51** **Paper Title : Pedagogy of Gujarati**

**Date :30/10/2023** **Time : 10 : 00 A.M. to 11 : 30 A.M.**

**Monday** **Total Marks : 35**

સૂચના : (૧) પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(૨) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

**પ્રશ્ન.૧ નીચેના પૈકી કોઇ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો .** (૦૮)

૧. મૂક્યા ડુંગર ને નદી, વતનમાં એ કોતરો ખેતર : લઘુ, ગુરુની નિશાની મૂકી છંદ ઓળખાવો.
૨. રાક્ષસના ત્રાસથી પૃથ્વી કંપતી હતી : અલંકાર ઓળખાવી અલંકારની વ્યાખ્યા લખો.
૩. બહાર ધડાકો થયો. સૌ બાળકો દોડીને લોબીમાં આવી ગયાં : યોગ્ય સંજયોક મૂકી સંયોજકનો પ્રકાર જણાવો.
૪. કોઇપણ બે વિરામ ચિહ્નોનાં નામ લખી તેનો ઉપયોગ કરી વાક્ય રચના કરો.
૫. 'બાનો વાડો' કૃતિના સર્જક અને સાહિત્ય પ્રકાર જણાવો.

**પ્રશ્ન. ૨ નીચેના પૈકી કોઇપણ એક પ્રશ્નનો માંગ્યા મુજબ ઉત્તર લખો.** (૧૦)

૧. તમારા સાથી 'આજની ઘડી રળિયામણી' કૃતિને કેન્દ્રમાં રાખી તાસ આયોજનનોંધ બનાવવા સંદર્ભનું માર્ગદર્શન માંગે છે. તમે શું કરશો?
૨. 'કામ કરે ઇ જીતે' એકમ સંદર્ભે પાઠનોંધ બનાવવાના ભાગરૂપે તમારે હેતુ નિર્દેશન અને વર્ગવ્યવહાર સોપાનોની સમજ આપવાની છે. નોંધ તૈયાર કરો.

**પ્રશ્ન. ૩ નીચેના પૈકી કોઇપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો .** (૦૯)

૧. માતૃભાષાના સામાન્ય અને વિશિષ્ટ હેતુ વચ્ચે શો તફાવત છે?
૨. માતૃભાષાના શિક્ષક તરીકે પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે તમે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખશો ?
૩. પાઠ આયોજનથી શિક્ષકને ક્યા કયા લાભ થાય છે ?
૪. પદ્ય શિક્ષણના હેતુઓ જણાવો.

**પ્રશ્ન. ૪ (અ) ટૂંકનોંધ લખો. (કોઇ પણ એક)** (૦૪)

૧. નાટ્યીકરણ પદ્ધતિનું મહત્ત્વ
૨. તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત

**પ્રશ્ન. ૪ (બ) ટૂંકનોંધ લખો. (કોઇ પણ એક)** (૦૪)

૧. 'બાનો વાડો' શીર્ષકની યથાર્થતા
૨. સંયોજકનો અર્થ અને પ્રકારો

*****

Seat No: __________ No. of printed pages : 1

[2]

**SARDAR PATEL UNIVERSITY**
**B.ED.( First - Semester) Examination**
**Code No. UE01GBED52 : Pedagogy Of English**
**Date : 30 - 10 - 2023, Monday Time : 10:00 to 11:30 A.M.**

**Note : All questions are compulsory.**
**The figure in right side indicates marks.**

**Total Marks: 35**

**Q.1. Answer the following questions in brief. (Any Four).** **[08]**

(1) State any two uses of present perfect tense.
(2) Define adverb with two examples.
(3) Explain the proverb " All that glitters is not gold" .
(4) Use the idiom "it's a piece of cake " in a sentence.
(5) Turn the following into indirect speech
  (a) She said, 'How clever I am.'
  (b) He said to me, 'I don't believe you'.

**Q. 2. Answer the following questions in Detail (Any One)** **[10]**

(1) "Communicative approach to ELT emphasizes use of language rather than knowledge about rules of language."-Explain this statement with reference to the following points
  - Principles and Merits of Communicative Approach
  - Role of a teacher in classroom

(2) "Selection and gradation of language items is the kernel of structural approach".- Discuss this statement with reference to the following points
  - Concept and Principles of structural approach
  - Merits of structural approach

**Q.3. Answer the following questions (Any Three).** **[09]**

(1) Clarify the concept of specific objectives and give examples.
(2) What is importance of Teaching English as a second language in India?
(3) Clarify the concept of Structural Approach and give any four demerits.
(4) State about variety of activities and exercises in English Language Textbook.

**Q.4.(A)** Answer the following questions (Any One). **[04]**

(1) State use of Pictures and Charts in ELT.
(2) Clarify the concept of Writing Skill and suggest activities for its development.

**Q.4.(B) Answer the following questions (Any One).** **[04]**

(1) An advertisement is published by Seva Education Trust, Anand in Bharat Newspaper on 20/10/2023 for a vacant position of an English Teacher in Aryabhatt Vidyalaya, Vallabh Vidyanagar. Write an application for the same.

(2) Write an essay on 'Indian Knowledge System'.

* * * * *

# SARDAR PATEL UNIVERSITY

## B Ed (Semester 1) ExaminationOctober-November- 2023

## UE01GBED53-Pedagogy ofMathematics

Date: 30/10/2023 Time: 10.00 to 11.30 A.M. Total Marks: 35

સૂચના: (1) બધા જ સામાન્ય પ્રશ્નો ફરજિયાત છે.
(2) સામાન્ય પ્રશ્નોમાં પેટા પ્રશ્નો આંતરિક વિકલ્પમાં છે.
(3) દરેક સામાન્ય પ્રશ્નોના પેટા પ્રશ્નોના અપેક્ષિત ઉત્તરો સાથે-સાથે જ લખો.
(4) જમણી બાજુ કૌસમાં દર્શાવેલ અંક એ પ્રશ્નનો ગુણભાર દર્શાવે છે.

**પ્રશ્ન: 1નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(08)**

1. અમનની ઉમર તેના પુત્રની ઉમર કરતાં ત્રણ ગણી છે. 10 વર્ષ પહેલાં તેની ઉમર તેના પુત્ર કરતાં પાંચ ગણી હતી. તેની હાલની ઉમર શોધો.
2. $3x^2 + 9x + 6$ ના અવયવ શોધો .
3. $(51)^2$ ની કિમત યોગ્ય નિત્યસમનો ઉપયોગ કરી શોધો.
4. 704ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?
5. રૂ.12600નું 10 ટકા લેખે 2 વર્ષનું ચક્રવૃદ્ધિવ્યાજે વ્યાજમુદ્દલ શોધો .

**પ્રશ્ન: 2 નીચેના પૈકી કોઈ પણ એકનો સવિસ્તાર ઉત્તર આપો.** **(10)**

1. ધોરણ 8નાં ગણિત વિષયનાં પાઠ્યપુસ્તકમાંથી કોઈ એક એકમ પસંદ કરી તેના ચાર વિશિષ્ટ હેતુઓ રચો અને તે હેતુઓને આધારે એકમના વિષયવસ્તુ, વર્ગવ્યવહાર અને શૈક્ષણિક સાધનોની પાઠનોધ તૈયાર કરો.
2. ગણિત શિક્ષણમાં પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરશો ? ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરી તેના ફાયદા જણાવો.

**પ્રશ્ન: 3 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો.** **(09)**

1. ગણિત શિક્ષણમાં દૃઢિકરણ કાર્ય ક્યા-ક્યા સિદ્ધાંતો પર આધાર રાખે છે ?
2. શોધ અભિગમ મોડેલની ઉદાહરણ સાથે રજૂઆત કરો .
3. ગણિત શિક્ષણમાં સાંસ્કૃતિક મૂલ્ય અને સામાજિક મૂલ્ય સમજાવો.
4. તમે વર્ગખંડ શિક્ષણકાર્યમાં ક્વીઝ પ્રયુક્તિનો ઉપયોગ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન: 4(અ) નીચેના પૈકી કોઈ પણ એક ટૂંકનોંધ લખો.** **(04)**

1. ગણિત શિક્ષણમાં સંયોગીકરણ પદ્ધતિ- સંકલ્પના ,ઉદાહરણ અને લાભાલાભ.
2. વર્ગખંડ શિક્ષણમાં પાઠ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત.

**પ્રશ્ન: 4 (બ) નીચેના પૈકી કોઈ પણ એક ટૂંકનોંધ લખો.** **(04)**

1. ચતુષ્કોણનાં વિવિધ પ્રકારો અને તેમના ગુણધર્મો.
2. સંમેય સંખ્યાઓના ગુણધર્મો.

—x—

No. of Printed Pages: 2

SEAT No.________

[3]
E+K

# SARDAR PATEL UNIVERSITY

## B Ed (Semester 1) Examination October- November- 2023

## UE01GBED53 -Pedagogy of Mathematics

Date: 30/10/2023 Time: 10.00 to 11.30 A.M. Total Marks: 35

**Instructions:** (1) All general questions are compulsory.
(2) In general questions, the sub-questions are in internal options.
(3) Write the answers of sub-questions together under each of the general question.
(4) Number in brackets on the right side indicate weightage of the questions.

**Q. 1 Answer the following questions in brief. (Any Four)** **(08)**

1. Aman's age is three times his son's age .Ten year ago he was five times his son's age. Find their present age.
2. Find the factor of $3x^2 + 9x + 6$
3. Find the value of $(51)^2$ by using expansion formula ,
4. Find the smallest number by which 704 number must be divided to obtain a perfect cube?
5. Find the amount of Rs.12600 at a rate of interest 10 / per annum for 2 years through compound interest.

**Q. 2 Answer the following question in detail. (Any One)** **(10)**

1. Choose any one of the unit from Std.-8 Mathematics textbook and construct four specific objectives from this unit. Based on their objectives prepare a lesson plan including content topics , classroom interaction and teaching aids..
2. How to use Project method in teaching Mathematics ? Clarify with Illustration and state its merits.

**Q. 3 Answer the following questions. (Any Three)** **(09)**

1. In Mathematics education,drill work is based on which principles?
2. Illustrate with example Discovery Approach model.
3. Explain Cultural value and Social value in Mathematics education.
4. How would you use the quiz technique in classroom teaching?

**Q. 4 (A) Write short note. (Any One)** **(04)**

1. Synthetic method in Mathematics education – concept, example, merits and demerits.
2. Differences between lesson planning and unit planning in classsroom teaching.

**Q. 4 (B) Write short note. (Any One)** **(04)**

1. Different types of Quadrilaterals and their properties.
2. Properties of Rational numbers .



(P.T.O.)

[4] Seat No: ____________

[G+E]

No. of Printed Pages : 02

**SARDAR PATEL UNIVERSITY**

**B.Ed. (I - Semester) Examination**

**Monday, 30$^{th}$ October, 2023**

**10.00 am - 11.30 am**

**UE01GBED54 - Pedagogy of Economics**

**કુલ ગુણ : ૩૫**

પ્ર.૧ નીચેના પાંચ પ્રશ્નોમાંથી **કોઈપણ ચાર** પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (૦૮)

(૧) પૂરવઠાનો નિયમ ઉદાહરણ સહિત રજૂ કરો.

(૨) ભારતીય અર્થતંત્રના કોઈપણ ચાર લક્ષણો જણાવો.

(૩) ખાધવાળુ અંદાજપત્ર એટલે શું ?

(૪) માંગના નિયમની કોઈપણ ચાર ધારણાઓ રજૂ કરો.

(૫) આવકનો અર્થ સ્પષ્ટ કરો.

પ્ર.૨ નીચેના બે પ્રશ્નોમાંથી **કોઈપણ એક** પ્રશ્નનો મુદ્દાસર જવાબ આપો. (૧૦)

(૧) ધોરણ ૧૧ના વર્તમાન અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરો.

(૨) ધોરણ ૧૨નો કોઈપણ એક એકમ પસંદ કરીને 'જ્ઞાન', 'સમજ' અને 'ઉપયોગ'ના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની યાદી તૈયાર કરો.

પ્ર.૩ નીચેના ચાર પ્રશ્નોમાંથી **કોઈપણ ત્રણ** પ્રશ્નોના ઉત્તર લખો. (૦૯)

(૧) આર્થિક નાગરિકતા એટલે શું ?

(૨) અર્થશાસ્ત્ર શિક્ષણનું મહત્ત્વ જણાવો.

(૩) નિદાનાત્મક કાર્ય એટલે શું ? ઉદાહરણસહ સમજાવો.

(૪) અનુબંધનું મહત્ત્વ જણાવો.

પ્ર.૪

(અ) નીચેના બે પ્રશ્નોમાંથી **કોઈપણ એક** પ્રશ્નનો ઉત્તર લખો. (૦૪)

(૧) સ્વાધ્યાય પદ્ધતિ એટલે શું ? તેના લાભ જણાવો.

(૨) કથન-ચર્ચા પદ્ધતિના લાભા-લાભ જણાવો.

(બ) નીચેના બે પ્રશ્નોમાંથી **કોઈપણ એક** પ્રશ્નનો ઉત્તર લખો. (૦૪)

(૧) માંગમાં વિસ્તરણ અને સંકોચન આકૃતિ દોરી સમજાવો.

(૨) સ્થિર-અસ્થિર ખર્ચ આકૃતિ દોરી સમજાવો.

(P.T.O.)

## English Version

**Total : 35 Marks**

Q.1 Answer **Any Four** out of Five. (08)

(1) State Law of Supply with example.
(2) Give any four characteristics of Indian Economy.
(3) What is the meaning of deficit budget.
(4) State any four assumption of Law of Demand.
(5) Give the meaning of Income.

Q.2 Answer **Any One** out of Two questions. (10)

(1) Evaluate the Current Economics textbook of Std. 11th.
(2) Choose any one Unit from Std. 12 and list out general and specific objectives of 'Knowledge', 'Understanding' and 'Application'.

Q.3 Answer **Any Three** out of Four questions. (09)

(1) What is Economic Citizenship ?
(2) State the Importance of Teaching Economics.
(3) Explain with Illustration what is diagnosis work ?
(4) State the Importance of Correlation.

Q.4

(A) Answer **Any One** out of Two questions. (04)

(1) What is assignment method ? State its merits.
(2) State the merits-demerits of lecture and discussion method.

(B) Answer **Any One** out of Two questions. (04)

(1) Explain the Extension and Contraction of demand with the diagram.
(2) Explain the Stable-Unstable Cost with the diagram.

..................

**SARDAR PATEL UNIVERSITY**
**B.Ed. 1st SEMESTER EXAMINATION-2023**
**Monday, 30th October, 2023**
**10.00 am To 11.30 am**
**UE01GBED55 – Pedagogy of Commerce**

નોંધ : ૧. બધા જ પ્રશ્નો ફરજીયાત છે. કુલ ગુણ:૩૫
૨. જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્રશ્ન -૧ નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. ૦૮

૧. વેપાર અને વાણિજ્યના તફાવતના બે મુદ્દા જણાવો.
૨. ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડની સમજ આપો.
૩. બેંકનો અર્થ આપી, તેના ખાતાના પ્રકારો જણાવો.
૪. ઇ-કોમર્સનો અર્થ આપો.
૫. વિમાનો સંપૂર્ણ ભરોસાનો સિંદ્ધાંત સમજાવો.

પ્રશ્ન -૨ નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો. ૧૦

૧. વાણિજ્ય વિષયના શિક્ષકોની સભામાં 'વાણિજ્ય શિક્ષણના ધ્યેય અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ વાણિજ્ય શિક્ષણનું મહત્વ' વિષય પર વ્યાખ્યાન આપવાનું હોય વ્યાખ્યાન નોંધ તૈયાર કરો.
૨. વાણિજ્ય શિક્ષણના સામાયિક માટે 'અભ્યાસક્રમનું મહત્વ અને આદર્શ અભ્યાક્રમના લક્ષણો' વિષયની લેખ નોંધ તૈયાર કરો.

પ્રશ્ન – ૩ નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો. ૦૯

૧. શિક્ષક તરીકે જુથ અધ્યાપન પદ્ધતિનો વર્ગખંડમાં વિનિયોગ કેવી રીતે કરશો ?
૨. નિદાનાત્મક કાર્ય અને ઉપચારાત્મક કાર્ય વચ્ચેનો તફાવત સમજાવો.
૩. વાણિજ્ય શિક્ષણના કાર્યક્ષેત્રની ચર્ચા કરો.
૪. 'વિદ્યાર્થીઓ વાણિજ્ય વિષયક જ્ઞાન પ્રાપ્ત કરે'– અપેક્ષિત વર્તન પરિવર્તનના સંદર્ભમાં છ હેતુ લખો.

પ્રશ્ન -૪(અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ એક પર ટૂંકનોંધ લખો. ૦૪

૧. પાઠ આયોજનના તબક્કા
૨. વાણિજયનો અન્ય વિષયો સાથેનો અનુબંધ

પ્રશ્ન -૪(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો. ૦૪

૧. ભાગીદારી પેઢીનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો.
૨. આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો તફાવત લખો.

*******

SEAT No.________

[5]
E+K

**SARDAR PATEL UNIVERSITY**
**B.Ed. 1st SEMESTER EXAMINATION-2023**
**Monday, 30th October, 2023**
**10.00 am To 11.30 am**
**UE01GBED55 – Pedagogy of Commerce**

**Total Marks: 35**

**Note: 1. All Questions are Mandatory.**
**2. The Number on the right shows the Marks of the Question.**

**Ques-1** **Answer any Four of the following Questions in short.** **08**

1. State any two points of difference between Trade and Commerce.
2. Explain Credit Card and Debit Card.
3. Give the meaning of Bank and State its Types of Accounts.
4. Give the meaning of E-Commerce.
5. Explain the Absolute Reliance Principle of Insurance.

**Ques-2** **Give detailed Answer to any One of the following Questions.** **10**

1. Prepare a Lecture Note on the Topic 'Aims and Importance of Commerce Education at Higher Secondary Level' in a meeting of Commerce Teachers.
2. Prepare an Article Note on the Topic 'Importance of Curriculum and Characteristics of an Ideal Curriculum' for a Journal of Commerce Education.

**Ques-3** **Answer any Three of the following questions.** **09**

1. How do you apply the Team Teaching Method in the Classroom as a Teacher?
2. Explain the Difference between Diagnostic work and Remedial work.
3. Discuss the Scope of Commerce Education.
4. 'Students acquire knowledgeof Commerce Subject' - Write six Objectives in Termsof Expected Behaviour Change.

**Ques-4(A)** **Write a short note on any one of the following questions.** **04**

1. Stages of Lesson Plan
2. Co-relation of commerce to other subjects

**Ques-4(B)** **Answer any one of the following questions.** **04**

1. Explain the Meaning of Partnership Firm and its Characteristics.
2. Write the Difference between National and International Trade.



(P.T.O.)

Candidate Seat No. : [ ] **SARDAR PATEL UNIVERSITY** No. of Printed Pages: 01

(२)

B. Ed. (Semester I) Examination – October 2023

UE01CBED56 : Pedagogy of Hindi

Date : 01 / 11 / 2023
Wednesday

Time : 10:00 A.M. To 11:30 A.M.
Total Marks : 35

સૂચના : (1) બધા જ સામાન્ય પ્રશ્નો ફરજિયાત છે.
(2) સામાન્ય પ્રશ્નોમાં પેટા પ્રશ્નો આંતરિક વિકલ્પમાં છે.
(3) દરેક સામાન્ય પ્રશ્નોના અપેક્ષિત પ્રશ્નોના ઉત્તરો સાથે – સાથે જ લખો.
(4) જમણી બાજુ કૌંસમાં દર્શાવેલ અંક એ પ્રશ્નનો ગુણભાર દર્શાવે છે.

**प्रश्न : 1 निम्नलिखित प्रश्नों में से किन्हीं चार प्रश्नों के सूचना अनुसार उत्तर दीजिए** (०८)

(१) कवि सूरदास का साहित्यिक परिचय दीजिए।
(२) संज्ञा किसे कहते है ? संज्ञा की संकल्पना स्पष्ट करते किसी हुए एक प्रकार को सोदाहरण समझाइए।
(३) कहावत समझाइए : जैसी करनी वैसी भरनी
(४) शब्द समूह के लिये एक शब्द दीजिए :
 A. तप करनेवाली स्त्री
 B. प्रश्नपत्र का निर्माण करनेवाला
(५) भाववाचक संज्ञा बनाइए : सुंदर, अंत।

**प्रश्न : 2 निम्नलिखित प्रश्नों में से किसी एक प्रश्न का उत्तर दीजिए** (१०)

(१) आपने पढ़ायी किसी एक इकाई को ध्यान में रखते हुए निम्नलिखित मुद्दे के आधार पर पाठ आयोजन नोंध तैयार कीजिए।
 A. विशिष्ट हेतु
 B. विषयवस्तु के मुद्दे
 C. शिक्षक – विद्यार्थी प्रवृत्ति
(२) अपने छात्र दोस्तों के सामने आपको 'मौखिक कौशल' विषय पर प्रवचन देना है। - निम्नलिखित मुद्दे पर प्रवचन नोंध तैयार कीजिए।
 A. मौखिक कौशल की संकल्पना
 B. मौखिक कौशल का महत्व
 C. मौखिक कौशल के विकास की प्रवृत्तियाँ

**प्रश्न : 3 निम्नलिखित प्रश्नों में से किन्हीं तीन प्रश्नों के उत्तर दीजिए** (०९)

(१) भाषा शिक्षा के किन्हीं दो सिद्धांत सोदाहरण समझाइए।
(२) शैक्षिक साधन का महत्व स्पष्ट कीजिए।
(३) अच्छे पाठ्यपुस्तक के आंतरिक लक्षण बताइए।
(४) पद्य शिक्षा की गीत अभिनय प्रणाली को समझाइए।

**प्रश्न : 4 (अ) निम्नलिखित प्रश्नों में से किसी एक पर टिप्पणी लिखिए।** (०४)

(१) हिन्दी भाषा की विशेषताएँ।
(२) भाषा अध्ययन में भाषा प्रयोगशाला का महत्व।

**प्रश्न : 4 (ब) निम्नलिखित प्रश्नों में से किसी एक पर टिप्पणी लिखिए।** (०४)

(१) 'कथनी और करनी' गद्य के आधार पर 'कथनी और करनी में अंतर' विषय पर अपने विचार स्पष्ट कीजिए।
(२) 'आदर्श शिक्षक' विषय पर निबंध लिखिए।

———— x ————

Seat No..........

No.of printed page: ..02.....

# SARDAR PATAL UNIVERSITY

## B. ED. (First Semester) Examination

## Code No. UE01GBED57: CPS-3: Pedagogy of Sanskrit

Wednesday Date - 01/11/ 2023, Time:10:00 A.M.to11:30

→ બધા પ્રશ્નો ફરજિયાત છે .

→ પ્રશ્નપત્રની જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે . કુલ ગુણ 35

**પ્રશ્ન 1 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ ચાર)** (08)

(1) સંધિ વિગ્રહ કરો.

महेन्द्र, सदैवः, रामायणः,नीरव

(૨) भारवि વિશે ટૂંકનોંધ લખો.

(3) कुप् ધાતુ લઇ ह्यस्तनभूतकाल (परस्मैपदीपरस्मैपदी) રૂપો લખો.

(4) 11 થી 14 સુધીની સંખ્યા સંસ્કૃતમાં લખો .

(5)माला શબ્દના આકારાંત સ્ત્રીલિંગના રૂપો લખો.

**પ્રશ્ન 2 નીચેના બે પ્રશ્નોમાંથી કોઈ પણ એક પ્રશ્નનો જવાબ લખો** (10)

.(1) ધોરણ 8ના સંસ્કૃતમાંથી એક એકમ પસંદ કરી નીચેના મુદ્દા માટેની પાઠ આયોજન નોંધ તૈયાર કરો.

-વિશિષ્ટ હેતુઓ- શિક્ષકની પ્રવૃત્તિ -શૈક્ષણિક મુદ્દા -સ્વાધ્યાય

(2) પાઠશાળા પદ્ધતિનો અર્થ આપી તેના ફાયદા ગેરફાયદા જણાવો.

**પ્રશ્ન 3 નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ ત્રણ)** (09)

(1) સંસ્કૃત પાઠ પ્રારંભની કોઈ પણ ત્રણ પ્રયુક્તિઓ ઉદાહરણ સહ સમજાવો.

(2) ધોરણ 9 ના સાંપ્રત સંસ્કૃત પાઠ્યપુસ્તકના આંતરિક લક્ષણોની સમીક્ષા કરો.

(3) સંસ્કૃત ભાષાનું પ્રશિષ્ટ સ્વરૂપ સમજાવો.

(4) આગમન પદ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 4 (અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈ પણ એક)** (04)

(1) સમન્વિત પદ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરી લાભ ચર્ચો .

(2) સંસ્કૃત ભાષાનું સાહિત્યિક મૂલ્ય વૈદિક સાહિત્ય સંદર્ભે સ્પષ્ટ કરો.

**(બ)નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ એક )** (04)

(1) પંડિત વિષ્ણુ શર્માની કૃતિ પર પરિચયાત્મક નોંધ લખો.

(2) 'मम दिनचर्या ' વિષય પર સંસ્કૃતમાં નોંધ લખો.

——— ※ ———

Seat No..........

[3]
[ED4]

No.of printed page: ..02....

# SARDAR PATAL UNIVERSITY

## B. ED. (First Semester) Examination

## Code No. UE01GBED57: CPS-3: Pedagogy of Sanskrit

## Wednesday Date - 01/11/ 2023, Time:10:00 A.M.to11:30

- All questions are compulsory.
- On the right side of question paper is mention total marks.

**TOTAL MARKS: 35**

**Q. 1.Answer the following question in Short.(Any Four)** **(08)**

(1) Dissolve Sandhis.

-महेन्द्र, सदैवः, रामायणः,नीरव

(2) Give Short-note on भारवि.

(3) Write the ह्यस्तनभूतकाल परस्मैपदी form of कुप्.

(4) Write the $11^{th}$ to $14^{th}$ namber in Cardinals Order.

(5) Give of माला आकारान्त स्त्रीलिङ्गंन्.

**Q. 2 Answer any one question from the following two questions.** **(10)**

(1)After Selecting one unit from the Curriculum of standard 8 drawa lesson plan note for the following part.
-Specific Objectives -Teachers actiivites -Teaching Points –Assignment

(2) After giving the meaning of Pathshala Paddhati. State the merits and demerites.

**Q-3. Answer the following questions. (Any Three)** **(09)**

(1) Explain any three Introduction techniques for Sanskrit lesson with illustration.
(2) Review internal characteristics of recent Sanskrit text book of standard-9.
(3) Explain the Classical form of Sanskrit Language.
(4) Clarify the concept of Inductive method.

**Q-4 (A) Answer the following questions. (Any One)** **(04)**

(1) Discuss the concept and merits of Eclectic Method.
(2) Clarify the literacy value of Sanskrit Language with reference to Vedic literature.

**Q-4 (B) Answer the following questions. (Any One)** **(04)**

(1) Write an introductory note on literary work of Pandit Vishnusharama.
(2) Write a note on "मम् दिनचर्या" in Sanskrit.



(P.T.O.)

**SARDAR PATEL UNIVERSITY**

B Ed (Semester 1) Examination October- November- 2023

**UE01GBED58 –Pedagogy of Social Science**

Date: 01/11/2023 Time: 10.00 to 11.30 A.M. Total Marks: 35

---

સૂચના: (1) બધા જ સામાન્ય પ્રશ્નો ફરજિયાત છે.

(2) સામાન્ય પ્રશ્નોમાં પેટા પ્રશ્નો આંતરિક વિકલ્પમાં છે.

(3) દરેક સામાન્ય પ્રશ્નોના પેટા પ્રશ્નોના અપેક્ષિત ઉત્તરો સાથે-સાથે જ લખો.

(4) જમણી બાજુ કૌંસમાં દર્શાવેલ અંક એ પ્રશ્નનો ગુણભાર દર્શાવે છે.

---

**પ્રશ્ન: 1 નીચેના પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (08)

1. ઇ.સ 1857 વિપ્લવની નિષ્ફળતાનાં મુખ્ય ચાર કારણો આપો.
2. "જંગલો આપણને ખૂબ ઉપયોગી છે."- વિધાન સમજાવો.
3. વસ્તીને એક સંશાધન તરીકે શા માટે સમજવામાં આવે છે ?
4. વેલેસ્લીની સહાયકારી યોજનાની મુખ્ય શરતો કઈ-કઈ હતી ?
5. ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર કેમ સરળ બન્યો છે?

**પ્રશ્ન: 2 નીચેના પૈકી કોઈ પણ એકનો સવિસ્તાર ઉત્તર આપો.** (10)

1. "સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધથી જ્ઞાન વિસ્તૃત બને છે."- આ વિધાનને નીચેના મુદ્દાઓને આધારે સ્પષ્ટ કરો.
   * ભાષા સાથે અનુબંધ
   * વિજ્ઞાન સાથે અનુબંધ
2. પ્રારંભ માટેની વિવિધ પ્રયુક્તિઓની યાદી આપી કોઈ એક એકમ આધારિત પ્રારંભ દર્શાવો.

**પ્રશ્ન: 3 નીચેના પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો.** (09)

1. સામાજિક વિજ્ઞાન શિક્ષણનું વ્યક્તિગત દૃષ્ટિએ મહત્વ જણાવો.
2. સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકનાં લક્ષણો સ્પષ્ટ કરો.
3. સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં "જ્ઞાન " અને "સમજ" ના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ લખો.
4. તમે વર્ગખંડ શિક્ષણકાર્યમાં પાત્રાભિનયપ્રયુક્તિનો ઉપયોગ કેવી રીતે કરશો?

**પ્રશ્ન: 4 (અ) નીચેના પૈકી કોઈ પણ એક ટૂંકનોંધ લખો.** (04)

1. સામાજિક વિજ્ઞાનની હાથપોથીનું મહત્ત્વ
2. વર્ગખંડ શિક્ષણમાં નકશાની ઉપયોગીતા

**પ્રશ્ન: 4 (બ) નીચેના પૈકી કોઈ પણ એક ટૂંકનોંધ લખો.** (04)

1. ભારતનો પ્રાકૃતિક વારસો
2. પર્યાવરણના ઘટકો

———×———

[4]
(EDG)

SEAT No.________ No. of Printed Pages: 02

# SARDAR PATEL UNIVERSITY

B Ed (Semester I) Examination October- November- 2023

**UE01GBED58 –Pedagogy of Social Science**

Time: 10.00 to 11.30 A.M. Total Marks: 35

Date: 01/11/2023

**Instructions:** (1) All general questions are compulsory.
(2) In general questions, the sub-questions are in internal options.
(3) Write the answers of sub-questions together under each of the general question.
(4) Number in brackets on the right side indicate weightage of the questions.

**Q. 1 Answer the following questions in brief. (Any Four)** (08)

1. Give four main reasons for the revolt of A.D. 1857.
2. Explain this statement that 'forests are very useful to us'.
3. Why does population consider as a resource?
4. Which were the main terms of Wellesley's Aid Plan?
5. Why did the India's international business become easier?

**Q. 2 Answer the following question in detail. (Any One)** (10)

1. "Knowledge broadens with the help by integration in Social Science teaching."- Explain this statement based on the following points.
   * Integration with Languages
   * Integration with Science
2. Give the list of various techniques of set induction skill and prepare a set induction for a unit from Social Science textbook.

**Q. 3 Answer the following questions. (Any Three)** (09)

1. State about importance of Social Science teaching from your perspective.
2. Clarify the features of the Social Science textbook.
3. Write down general and specific objectives of Knowledge and Understanding for Social Science teaching.
4. How would you use Role play technique in classroom teaching?

**Q. 4 (A) Write short note. (Any One)** (04)

1. Importance of Social Science handbook
2. Uses of maps in classroom education

**Q. 4 (B) Write short note. (Any One)** (04)

1. India's natural heritage
2. Components of the Environment

( 5 ) Seat No.__________

No. of Printed Pages: 2

# SARDAR PATEL UNIVERSITY

## B.Ed.(Semester I )Examination

## UE01GBED59 Pedagogy of Science

**Date: 1.11.2023, Wednesday**

**Time: 10.00 AM.to 11.30 AM.**

**Marks : 35**

પ્રશ્ન:1. નીચેના પ્રશ્નો પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (08)

1. અશ્મિ બળતણ એ પુન: અપ્રાપ્ય કુદરતી સંસાધન છે. શા માટે?
2. નાશ:પ્રાય જાતિ અને લુપ્ત જાતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
3. પદાર્થ પર બળ લગાડતાં કઈ કઈ અસરો ઉત્પન્ન થઈ શકે?
4. તરલમાં ગતિ કરતીવસ્તુઓનો આકાર શા માટે વિશિષ્ટ હોવો જોઈએ?
5. મનુષ્ય આંખની નામનિર્દેશવાળી આકૃતિ દોરો.

પ્રશ્ન:2 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ એક પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો. (10)

1. ધોરણ 8 ના વિજ્ઞાન વિષયમાં કોઈ એક એકમ પસંદ કરી નીચેના મુદ્દાઓને આધારે પાઠઆયોજન તૈયાર કરો.
   (1) વર્ગવ્યવહાર નિર્દેશ (2) મૂલ્યાંકન અને સ્વાધ્યાય
2. વિજ્ઞાનની આંતરશાખાઓ વચ્ચેનો સંબંધ ઉદાહરણ સહ સ્પષ્ટ કરો.

પ્રશ્ન:3 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (09)

1. વિજ્ઞાનની અધિકૃત વ્યાખ્યા રજૂ કરી સંકલ્પના સ્પષ્ટ કરો.
2. વિજ્ઞાન સામાજિક જીવનને કઈ રીતે અસર કરે છે?
3. કોઈ પણ ત્રણ વિજ્ઞાન પ્રક્રિયા કૌશલો ઉદાહરણ સહ સમજાવો.
4. ધોરણ 8ના કોઈ એક એકમના અધ્યાપન માટે બ્લૂમ ટેક્સોનોમી આધારિત જ્ઞાન,અર્થગ્રહણ(સમજ), ઉપયોજનના ત્રણ-ત્રણ વિશિષ્ટ હેતુઓની રચના કરો.

પ્રશ્ન:4(અ) નીચેના પૈકી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આપો. (04)

1. સ્વ નિર્મિત સાધનની રચના અને સમજૂતી
2. વિજ્ઞાન અધ્યાપનનો જ્ઞાતથી અજ્ઞાત અભિગમ: ઉદાહરણ અને વિશેષતાઓ

પ્રશ્ન:4(બ) નીચેના પૈકી કોઈ પણ એક ટૂંક નોંધ લખો. (04)

1. આધુનિક સિંચાઈ પદ્ધતિઓ
2. દહનના પ્રકારો

***********

(5) Seat No.________ No. of Printed Pages: 2
(E&Q)

# SARDAR PATEL UNIVERSITY
## B.Ed.(Semester I )Examination
## UE01GBED59 Pedagogy of Science

Date: 1.11.2023, Wednesday

Time: 10.00 AM. to 11.30 AM.

Marks : 35

**Q-1. Answer Any Four of the following questions.** (08)

1. Fossil fuel is a non-renewable natural resource. Why?
2. Explain the difference between endangered species and extinct species.
3. What effects can be produced by applying a force on an object?
4. Why should objects moving in fluid have a specific shape?
5. Draw the labeled diagram of human eye.

**Q-2. Answer Any One of the following question in detail.** (10)

1. Select any one unit in science subject of class 8 and Prepare a lesson plan. on following points :
   (1) Classroom instruction (2) Evaluation and Homework
2. Explain the interdisciplinary nature of science with example

**Q-3. Answer Any Three of the following questions in short.** (09)

1. State any authentic definition of science and clarify the concept of science.
2. How does science impact on society?
3. Explain any three science process skills with example.
4. Construct three-three specific objectives of knowledge, understanding and application for teaching of any unit of class 8.

**Q-4(A) Answer Any One of the following questions.** (04)

1. Construction and explanation of improvised apparatus
2. Maxim of known to unknown of teaching science : Example and characteristics

**Q-4(B) Write Short-note on Any One of the following.** (04)

1. Techniques of modern irrigation
2. Types of combustion



(P.T.O.)

No. of Printed pages: 02

Seat No. _____

# SARDAR PATEL UNIVERSITY

## B.Ed. (1st - SEMERTER) Examination -2023

## UE01GBED60:Pedagogy of Elements of Accountancy

Time: 10. 00 A.M. To 11. 30 A.M.

Date: 01-11-2023 Marks: 35

Wednesday

સૂચના: પ્રશ્નપત્રનાં કુલ ચાર પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

જમણી બાજુના અંક પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

પ્રશ્ન -૧ નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. ૦૮

૧ ઉધાર – જમાના નિયમો જણાવો.

૨ ઘસારો એટલે શું ?

૩ આમનોંધનો અર્થ આપો.

૪ ધંધાકીય વ્યવહારના પ્રકારો ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.

૫ નામાની વ્યાખ્યા આપો.

પ્રશ્ન -૨ નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો. ૧૦

૧ બી.એડ.ના તાલીમાર્થીઓ સમક્ષ 'નામાના મૂળતત્વો વિષયના આદર્શ શિક્ષક' વિશે વક્તવ્ય આપવા નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને નોંધ તૈયાર કરો.

૧) શૈક્ષણિક લાયકાત ૨) લક્ષણો ૩) તાલીમ

૨ નામાના મૂળતત્વો વિષયમાં ધોરણ ૧૧નો કોઇપણ એકમ પસંદ કરી નીચેના મુદ્દાને આધારિત પાઠ – આયોજન નોંધ તૈયાર કરો.

૧) વિષયવસ્તુના મુદ્દાઓ ૨) શિક્ષક – વિધાર્થી પ્રવૃત્તિ ૩) કા.પા. કાર્ય નોંધ

પ્રશ્ન -૩ નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. ૦૯

૧ જૂથ અધ્યાપનપદ્ધતિ નામાંના મૂળતત્વો વિષય શિક્ષણમાં કઈ રીતે લાભદાયી નીવડે છે ?

૨ નામાંના મૂળતત્વો વિષયના ક્યાં એકમો શીખવતી વખતે વાણિજ્યનો અનુબંધ સ્થાપશો?

૩ નામાના મૂળતત્વોના સારા અભ્યાસક્રમનું મહત્વ સમજાવો.

૪ નામાના મૂળતત્વોના વિષયના શિક્ષક તરીકે તમે નિદાનાત્મક કાર્ય કેવી રીતે કરશો ?

પ્રશ્ન -૪-અ નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો. ૦૪

૧ નામાના મૂળતત્વો વિષયના ધ્યેયો સમજાવો.

૨ સ્વાધ્યાય પદ્ધતિને સફળ બનાવવા એક શિક્ષક તરીકે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખશો?

પ્રશ્ન -૪-બ નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો. ૦૪

૧. રોકડમેળનો અર્થ આપી, સાદા રોકડમેળનો નમૂનો તૈયાર કરો.

૨. ઘસારો ગણવાની પદ્ધતિઓની ચર્ચા કરો.

********

No. of Printed pages: 0 2

Seat No. ______

[6]
(EDG)

# SARDAR PATEL UNIVERSITY

## B.Ed. (1st - SEMERTER) Examination -2023

## UE01GBED60:Pedagogy of Elements of Accountancy

Time: 10. 00 A.M. To 11. 30 A.M.

Date: 01-11-2023
Wednesday

Marks: 35

Note: Total Four questions are in question paper.
All questions are compulsory.
Right side number display marks

**Q – 1 Answer the following questions in brief. (Any Four)** 08

1. Give the rules of Debit and Credit.
2. What is deprecation?
3. Give the meaning of Journal.
4. Give the types of Business Transaction with Example.
5. Give the definition of Account.

**Q – 2 Answer the following question detail. (Any One)** 10

1. Make a note to the B.Ed. trainees to give a talk about the ideal teacher on the basics of Accountancy with the following points in mind.
   - Educational Qualification
   - Characteristics
   - Training
2. Prepare Lesson plan of any unit from 11 standards in subject of Accountancy on following points.
   - Subject content
   - Teacher's –student's activity
   - Black Board wok

**Q – 3 Answer the following questions in brief. (Any Three)** 09

1. In what way Team teaching method becomes useful in Accountancy teaching?
2. In which units of Accountancy Teaching, you will establish relation with commerce subjects?
3. Explain the importance of a good curriculum of Accountancy.
4. How will you do diagnostic work as an Accountancy subject teacher?

**Q - 4 - A Answer Any one of the following questions in detail.** 04

1. Explain the aims of Accountancy subject.
2. Which points will you keep in mind as a teacher for making the assignment method successfully?

**Q - 4- B Answer Any one of the following questions in detail.** 04

1. Write the meaning of cash book and prepare sample of simple cash book.
2. Discus the method of Deprecation



(P.T.O.)